આ જૈવિક ખાતરના સમુહમાં આવતા જીવાણુંઓ મુખ્યત્વે જમીનમાં નાઇટ્રોજન સ્થિર કરીને પાકને પુરો પાડે છે જેમાં અઝોટોબેકટર (એગ્રોજૈવિકા અઝોટોબેકટર), રાઇઝોબિયમ (એગ્રોજૈવિકા રાઇઝોબિયમ), અઝોસ્પીરીલમ (એગ્રોજૈવિકા અઝોસ્પીરીલમ) નો સમાવેશ થાય છે.

### (અ) અઝોટોબેકટર (એગ્રોજૈવિકા અઝોટોબેકટર)

અઝોટોબેકટર એ એક પ્રકારના જીવાણુંઓ છે જે હવામાંન મુકત નાઇટ્રોજનને સ્થિર કરવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. આ જીવાણુંઓ હવામાંનો મુકત નાઇટ્રોજન વાપરી પોતાનામાં રહેલા નાઇટ્રોજનને ઉત્ચેચક ની મદદથી એમોનિયા બનાવે છે. જે પાણીમાં દ્રાવ્ય છે. જેથી છોડ સહેલાઇથી તેને લઇ શકે છે. આ પ્રવાહી કલ્ચરને વાપરવાથી ૨૫ થી ૫૦ કિ.ગ્રા. નાઇટ્રોજન યુકત ખાતરના ખર્ચમાં ઘણી બચત થાય છે. આ પ્રવાહી કલ્ચરને ઘઉં, મકાઇ, ડાંગર, તમાકું, બાજરી, મગફળી, રાઇ, દિવેલા, તેલીબીયા, કપાસ, શેરડી, જીરૂ, વરિયાળી, કઠોળ વર્ગના પાકો, શાકભાજી, ડુંગળી, લસણ, ફળો-ફૂલો તથા બાગાયતી પાકો માટે ભલામણ કરવામાં આવે છે.

### (બ) રાઇઝોબિયમ (એગ્રોજૈવિકા રાઇઝોબિયમ)

રાઇઝોબિયમ એ એક પ્રકારના જીવાણુંઓ છે જે કઠોળવર્ગના પાકોના મુળ પ્રદેશમાં રહીને નાઇટ્રોજન સ્થિર કરે છે. સહજૈવિક રીતે ગંઠિકા ઉત્પન્ન કરીને પાકને નાઇટ્રોજન પુરો પડેછે. આ પ્રવાહી કલ્ચર મુખ્યત્વે કઠોળ વર્ગના પાકોમાં વપરાય છે અને બોટલ ઉપર લખેલ જે તે કઠોળ પાક માટે જ વાપરી શકાય. મગનું કલ્ચર મગ માટે અને ચણાનું કલ્ચર ચણા માટે જ વાપરવું હિતાવહ છે. કઠોળ વર્ગના પાકમાં રાઇઝોબિયમ કલ્ચરના ઉપયોગથી હેકટર દીઠ ૨૫-૫૦ કિલો નાઇટ્રોજનને સ્થિર કરે છે.

## આધુનિક ખેતીમાં જૈવિક ખાતરની અગત્યતા

- પ્રવાહી જૈવિક ખાતર પ્રતિ હેકટર ૨૫-૫૦ કિ.ગ્રા. નાઇટ્રોજન સ્થિર કરે છે. તથા ૩૦-૫૦ કિ.ગ્રા. ફોસ્ફરસ દ્રાવ્ય કરે છે.
- જમીનની સ્તર રચના તેમજ પી.એચ. સુધારી જમીનને ફળદ્રુપ અને જીવંત બનાવે છે.
- જરૂરી એવા વૃદ્ધિવર્ધકોનું ઉત્પાદન કરીને પાકના ઉત્પાદનામાં વધારો કરેછે.
- રાસાયણિક ખાતરોની આડ-અસરોને ઘટાડીને જમીનને ફળદ્રુપ બનાવે છે.
- પ્રવાહી જૈવિક ખાતર એ રાસાયણિક ખાતરનું પૂરક છે. પર્યાય નથી.
- પ્રવાહી જૈવિક ખાતર ભેજવાળી તથાપૂરતા પ્રમાણમાં સેન્દ્રિય તત્વ ધરાવતી જમીનમાં વાપરવાથી સારા પરિણામો મેળવી શકાય છે.

## વાપરવાની રીત

બીજને પટ : ૫૦ મીલી પ્રવાહી કલ્ચરને જરૂરીયાત મુજબ પાણીમાં મેળવીને ૧૦ કિ.ગ્રા. બીજને પટ આપવો ત થા વાવણી પહેલા બીજની સુકવણી કરીને વાપરવું.

માટી સાથે મિશ્રણ : ૫૦૦ મીલી પ્રવાહી કલ્ચરને ૧૦૦ થી ૨૫૦ કિલો માટી / કેરીયર સાથે મેળવી ખેડ પહેલા એક એકર ભેજવાળી જમીનમાં છંટકાવ કરવો.

ધરૂને માવજત : ૧૦૦ મીલી પ્રવાહી કલ્ચરને ૧ લિટર પાણીમાં મિશ્ર કરીને ધરૂને માવજત પહેલા ૧૦ થી ૧૫ મિનિટ સુધી ડુબાડીને વપરાશ કરવો.

ટપક પદ્ધતિ : ટપક પદ્ધતિ વખતે ૫૦૦ મીલી પ્રવાહી કલ્ચરને ટાંકીમાં મિશ્ર કરીને એક એકર જમીનમાં વપરાશ કરવો.

તદ્દપરાંત જે ખેડૂતોને ટપક પદ્ધતિ ન હોય તેઓએ પાકની પિયત આપતી વખતે એક એકરમાં ૫૦૦ મીલી બોટલનો વપરાશ ટીપેટીપે પાણી સાથે કરવો જેનાથી સારા પરિણામો મેળવી શકાય છે.

## સુચના

વપરાશ પહેલા બોટલને હલાવો, બોટલને ગરમીથી દૂર ઠંડકમાં સંગ્રહ કરવો.

બોટલને એક વખત ખોલ્યા પછી તરત જ વપરાશ કરવો. પ્રવાહી જૈવિક ખાતરને જંતુનાશક દવા તેમજ રાસાયણિક ખાતર સાથે મિશ્રણ કરવું નહિ તથા જૈવિક ખાતર અને રાસાયણિક ખાતરના વપરાશના સમય ગાળાનું અંતર ૨૪-૪૮ કલાક રાખવું.

ઉપલબ્ધ પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લિટર (નોંધ : એએયુના તાંત્રિક માર્ગદર્શનથી)